# વાહન વ્યવહાર કમિશનરશ્રીની કચેરી,

ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નંબર-૬ બીજો-ત્રીજો માળ
જુના સચિવાલય ગાંધીનગર Email-cot.jdt@gmail.com ફોન.૫૧૩૬૩,૫૧૩૬૫

નં.એમવીએ/RT-11021/44/2017-MVL/ઓન/1373 તારીખ: /૦૨/૨૦૨૦

07 FEB 2020

પ્રતિ,

સહાયક/પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી

તમામ.

વિષય :- ડ્રાઇવીંગ લાયસન્સની અરજી માટેના ફોર્મ-૨ ના અમલીકરણ બાબત.

અનુ :- (૧) ભારત સરકારના સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયના જાહેરનામા ક્રમાંક:GSR243(E), તા.૨૦/૦૩/૨૦૧૮.

(૨) ભારત સરકારના સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયના પત્ર ક્રમાંક:RT-11021/44/2017-MVL, તા.૧૬/૦૪/૨૦૧૮.

(3) MORTH દ્વારા નામ.સુપ્રિમ કોર્ટના ચુકાદાના પાલન માટે NIC દ્વારા સારથીમાં ડ્રાઈવીંગ લાયસન્સના ફોર્મ્સ માટે ઉપસ્થિત કરવામાં આવેલ પ્રશ્નોની સ્પષ્ટતાઓ.

ઉપરોક્ત વિષયે જણાવવાનું કે અનુ. (૧) થી કેન્દ્રીય મોટર વાહન નિયમો,૧૯૮૯ના નિયમ ૪,૧૪,૧૭ અને ૧૮માં ફેરફાર કરવામાં આવેલ તથા નામ.સુપ્રિમ કોર્ટના તા.૦૩/૦૭/૨૦૧૭ની Civil appeal No.5826 of 2011-Mukund Devgan V/S Oriental Insurance Company and others LMV Class of Vehicle ના ચુકાદાના અનુસંધાને ભારત સરકારના સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા આપવામાં આવેલ Advisory અન્વયે કરવામાં આવેલ ફેરફારના અનુસંધાને નીચે મુજબની સૂચના આપવામાં આવે છે.

1. ભારત સરકારના Ministry of Road Transport & Highways દ્વારા જાહેરનામા ક્રમાંક: GSR243(E), તા.૨૦/૦૩/૨૦૧૮ દ્વારા કેન્દ્રીય મોટર વાહન નિયમો,૧૯૮૯ ના નિયમ-૪,૧૪,૧૭ અને ૧૮ માં ફેરફાર કરી શિખાઉ લાયસન્સ અથવા ડ્રાઇવીંગ લાયસન્સ અથવા ડ્રાઇવીંગ લાયસન્સમાં નવા ક્લાસનો ઉમેરો અથવા ડ્રાઇવીંગ લાયસન્સમાં નામનો સુધારો અથવા ડ્રાઇવીંગ લાયસન્સમાં સરનામામાં ફેરફાર અથવા ડ્રાઇવીંગ લાયસન્સ રીન્યુઅલ કરવા વગેરે અરજી માટેનું સર્વસામાન્ય ફોર્મ-૨ ઠરાવવામાં આવેલ છે.

2. ભારત સરકાર દ્વારા નામ.સુપ્રિમ કોર્ટના આદેશની અમલવારી માટે સારથી-૪.૦માં ડ્રાઇવીંગ લાયસન્સના વાહન હંકારવાના પ્રકાર માટે નીચે મુજબની પદ્ધતિ અમલમાં મુકેલ છે.
   a) આ પધ્ધતિ મુજબ અરજદારે ભરવાના થતા ફોર્મ-૨ ને ધ્યાને લેતાં હળવા મોટર વાહનો (Light Motor Vehicle) કેટેગરીના વાહનો માટે ડ્રાઇવીંગ લાયસન્સમાં વાહન હંકારવાના પ્રકાર હવે માત્ર Light Motor Vehicle (LMV) ઉલ્લેખ કરવામાં આવશે.

b) Light Motor Vehicle Non Transport (LMV NT), 3 Wheeler Non Transport (3W-NT), Tractor Non Transport (TRACTOR), Light Motor Vehicle Transport (LMV-TR), 3 Wheeler CAB (3W-CAB), 3 Wheeler Goods Vehicle (3W-GV), Light Motor Vehicle Tractor Trailer Transport (LMV-TT), Light Motor Vehicle-CAB (LMV-CAB) અને 5 Wheeler Articulated (5W-GV) વગેરેનો સમાવેશ Light Motor Vehicle (LMV) માં થશે. અર્થાત્ આ વાહનો માટે હવે "LMV" ના ક્લાસનો ઉલ્લેખ ડ્રાઇવીંગ લાયસન્સમાં કરવામાં આવશે. જેની સંબંધિતોને જાણ થવા વિનંતી છે.

ખાસ ફરજ પરના અધિકારી,
ગુજરાત રાજય, ગાંધીનગર.

નકલ સવિનય રવાના:-

(૧) ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ, પહેલો માળ, પોલીસ ભવન, સેક્ટર-૧૮ ગાંધીનગરને જાણ અર્થે તથા તાબાના પોલીસ અધિકારીઓને જરૂરી સૂચના આપવા સારૂ.

(૨) માન. અગ્રસચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, બ્લોક નં.-૨, પહેલો માળ, સચિવાલય ગાંધીનગરને ઉપરોકત પત્ર સંદર્ભે જાણ સારૂ.

(૩) અંગત સચિવશ્રી, માન. કેબીનેટકક્ષાના મંત્રીશ્રી વાહન વ્યવ્હાર, બીજો માળ, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગરને ઉપરોકત પત્ર સંદર્ભે જાણ સારૂ.

(૪) અંગત સચિવશ્રી, માન.રાજયકક્ષાના મંત્રીશ્રી, વાહન વ્યવહાર (રાજય કક્ષા), સ્વર્ણિમ સંકુલ-૨, ૩જો માળ, સચિવાલય, ગાંધીનગરને ઉપરોકત પત્ર સંદર્ભે જાણ સારૂ.

નકલ રવાના:-

(૧) પ્રમુખશ્રી, ગુજરાત રાજય ઓટો રિક્ષા ફેડરેશન, સીએસ-૧૧, શેખા ટાવર, સમર્થ પાર્ક, અડાજણ ગામ ચાર રસ્તા, સુરતને ઉપરોકત પત્ર સંદર્ભે જાણ સારૂ.

(૨) પ્રમુખશ્રી, વડોદારા શહેર જિલ્લા રિક્ષા ચાલક યુનિયન, બી-૨૪, રૂષિ એન્કવેલ, સપનહોલની બાજુમા, મકરપુરા રોડ, વડોદરા-૩૯૦૦૦૯ ને ઉપરોકત પત્ર સંદર્ભે જાણ સારૂ.

(૩) પ્રમુખશ્રી, એકતા રીક્ષા એસોસિએશન, ૧૩, સીટી પોઈન્ટ, જનતા બજાર, બોરસદ, જી.આણંદને ઉપરોકત પત્ર સંદર્ભે જાણ સારૂ.

(૪) પ્રમુખશ્રી, ઓટો રીક્ષા ચાલક વેલફેર એસોસિએશન, ૨૦૩ ત્રીજો માળ,પાર્થ મિલન બિલ્ડીંગ, સી.જી. રોડ, નવરંગપુરા,+ઙ અમદાવાદ-૩૮૦૦૦૯ ને ઉપરોક્ત પત્ર સંદર્ભે જાણ સારૂ.

(૫) પ્રમુખશ્રી, ચલથાણ વિભાગ ટ્રક/ટ્રેક્ટર ટ્રાન્સપોર્ટ એસોસીએશન, મુ.પો.ચલથાણ, તા.પલસાણા, જિ.સુરતને ઉપરોક્ત પત્ર સંદર્ભે જાણ સારૂ.

(૬) અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન, ૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે, શાહિબાગ રોડ, અમદાવાદને ઉપરોક્ત પત્ર સંદર્ભે જાણ સારૂ.

(૭) પ્રમુખશ્રી પશ્ચિમ કચ્છ ટ્રક ટ્રાન્સપોર્ટ ઓનર્સ એસોસિએશન, ભુજ લખપત હાઇવે રોડ, ઓ.સી.પી માર્કેટ, પહેલા માળે, નખત્રાણા, કચ્છ ને ઉપરોક્ત પત્ર સંદર્ભે જાણ સારૂ.

AGTTA
DT. : 21 / 2 /2020
File No. : 19